## બસ અને ટ્રક વચ્ચે ટક્કરઃ બે જણનાં મોત, ૧૨ ઘાયલ

ચંદ્રપુરઃ ચંદ્રપુર જિલ્લાના વારોરા તહેસીલમાં ખાનગી બસ અને ટ્રક વચ્ચે ટક્કર થતાં બે જણનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં, જ્યારે ૧૨ જણને ઇજા પહોંચી હતી. પોલીસના જણાવ્યા અનુસાર નાગપુર-ચંદ્રપુર રોડ પર શુક્રવારે સાંજે આ અકસ્માત થયો હતો. ખાનગી બસમાં ૩૫ પ્રવાસી હતા અને બસ નાગપુરથી ચંદ્રપુર જઇ રહી હતી. નાગપુર-ચંદ્રપુર રોડ પર વીજળીના થાંભલા અથડાવાથી બચવાના પ્રયાસમાં બસ સામેથી આવનારી ટ્રક સાથે ટકરાઇ હતી. બસ અને ટ્રકના ડ્રાઇવરના આ અકસ્માતમાં મોત થયાં હતાં. બસમાંના ૧૨ પ્રવાસીને ઇજા પહોંચી હતી અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. (પીટીઆઇ)■

## બિલ્ડરને ધમકાવનારો બેંગલુરુથી પકડાયો

મુંબઈઃ બિલ્ડરને બે કરોડ રૂપિયાની ખંડણી માટે કથિત રીતે ધમકાવનારા આરોપીને પોલીસે બેંગલુરુથી પકડી પાડ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ આરોપી મહેશ સંજીવ પૂજારી (૩૫)ને મલાડ પોલીસની ટીમે કર્ણાટકમાં પકડી પાડ્યો હતો. ગુરુવારે પૂજારીને મુંબઈ લાવવામાં આવ્યો હતો.

પૂજારીએ મે, ૨૦૨૧માં મોબાઈલ ફોન ઍપ મારફત બિલ્ડરને કૉલ કર્યા હતા, જેને પગલે એ કૉલ્સ ઈન્ટરનૅશનલ નંબર પરથી આવ્યા હોવાનું જણાયું હતું. બિલ્ડર પાસેથી બે કરોડ રૂપિયાની ખંડણી માગવામાં આવી હતી. રૂપિયા ન આપે તો જાનથી મારવાની ધમકી સુધ્ધાં અપાઈ હતી, એવું અધિકારીએ જણાવ્યું હતું. આરોપી દ્વારા વારંવાર ધમકીભર્યા કૉલ કરવામાં આવતાં બિલ્ડરે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ પ્રકરણે પોલીસે ડિસેમ્બર, ૨૦૨૧માં ગુનો નોંધ્યો હતો. (પીટીઆઈ)■

# પતંગોત્સવ પર ઓમાઇક્રોનની છાયા

મુંબઈઃ રાજ્યમાં કોરોનાના અને ઓમાઇક્રોનના કેસમાં વધારો થવાને કારણે પ્રશાસન દ્વારા અમુક પ્રતિબંધો લાદવામાં આવ્યા છે.

નિયમોનું સખતાઇથી પાલન કરવાની અપીલ જનતાને કરવામાં આવી છે ત્યારે શુક્રવારે ઉતરાયણમાં ચાલુ વર્ષે બહુ ઓછા પ્રમાણમાં પતંગ ઉડ્યા હતા. જીવદયા સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી અપીલ પણ માટે જવાબદાર હોવાનું કહેવાઇ રહ્યું છે.

એક જગ્યાએ જમા ન થવાના નિયમને કારણે ઘણી ઇમારતોમાં રહેવાસીઓના ભેગા થવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો જ્યારે ઘણા લોકોએ સ્વેચ્છાએ પતંગ ન ચગાવવાનો નિર્ણય લીધો હતો. ઘણા લોકો પતંગોત્સવની ઉજવણી કરવા ગુજરાત તરફ પલાયન કરી ગયા હતા. તેથી મુંબઈમાં આ વખતે બહુ ઓછા પતંગ ઉડતા દેખાયા હતા.

પતંગનું વેચાણ કરતા વેપારીઓને પણ ઘણા ફટકો પડ્યો હતો. પતંગો ન વેચાવાને કારણે તેમને આર્થિક નુકસાન થયું હતું. મુંબઈમાં જે પતંગ ઉડ્યા તે પણ ઝૂંપડપટ્ટી વિસ્તારમાંથી ઉડ્યા હતા. ઇમારતોમાંથી પતંગ ચગાવવાનું પ્રમાણ નજીવું રહ્યું હતું. ■

## જળગાંવમાં દુઃખદ ઘટના

### મકરસંક્રાતિને દિવસે બે બાળકે જીવ ગુમાવ્યા

જળગાંવઃ મકરસંક્રાંતીને દિવસે બધે આનંદનું વાતાવરણ હતું ત્યારે જળગાંવમાં આજનો દિવસ બે પરિવાર માટે દુઃખદ સાબિત થયો હતો. માતાએ પતંગ ચગાવવા માટે જવા ન દેતાં ૧૨ વર્ષના પુત્રે ગળાફાંસો ખાઇ જીવન ટૂંકાવ્યું હતું, જ્યારે વીજળીના તારમાં ફસાયેલી પતંગ કાઢતી વખતે આંચકો લાગતાં આઠ વર્ષના બાળકનું મોત થયું હતું.

જળગાંવના કુસુંબા ગામમાં રહેતો હિતેશ ઓમકાર પાટીલ (૮) શુક્રવારે પતંગ ચગાવી રહ્યો હતો ત્યારે તેની પતંગ વીજળીના તારમાં ફસાઇ ગઇ હતી. આથી હિતેશ પાટીલ તેની પગંત કાઢવા માટે થાંભલા પર ચડ્યો ત્યારે તેને વીજળીનો આંચકો લાગતાં તે નીચે પટકાયો હતો. ઘવાયેલા હિતેશ પાટીલને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો, જ્યાં તેનું મૃત્યુ થયું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું.

દરમિયાન બીજી ઘટના જળગાંવના કાંચનનગરમાં બની હતી. અહીં રહેતો યશ રમેશ રાજપૂત પગંત ચગાવવા માટે બહાર જવા માગતો હતો, પણ માતાએ તેને બહાર જવા દીધો નહોતો. આથી યશ રાજપૂત નારાજ થયો હતો અને તેણે રસ્સીથી ગળાફાંસો ખાઇ લીધો હતો. યશને હોસ્પિટલમાં લઇ જવાતાં ડોક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કર્યો હતો. ■







**પતંગોત્સવ...** ઉત્તરાયણ દરમિયાન ગિરગામ ખાતે એક ઈમારત પરથી રહેવાસીઓએ સાંજના સમયે પતંગ ઉડાવીને કરી હતી, જ્યારે મરીન ડ્રાઈવ ખાતે ખુલ્લા મેદાનમાં પણ લોકોએ પતંગ ચગાવીને ઉજવણી કરી હતી. અમુક બાળકોએ ફક્ત કપાયેલી પતંગો જમા કરવામાં આનંદ માન્યો હતો. પાંજરાપોળ માધવ બાગમાં ઘાયલ થયેલા પક્ષીઓને સારવાર આપવામાં આવી હતી. (જયપ્રકાશ કેળકર, અમય ખરાડે)

## ક્રાઈમ કોર્નર

### સ્નાન કરતી વખતે પત્નીનો ઉતારેલો વીડિયો વ્હૉટ્સઍપ સ્ટેટસ પર મૂકનાર પતિ ઝડપાયો

મુંબઈઃ સ્નાન કરતી વખતે પત્નીનો ઉતારેલો વીડિયો પોતાના વ્હૉટ્સઍપ સ્ટેટસ પર મૂકવા બદલ કુરાર પોલીસે પતિની ધરપકડ કરી હતી. પિયરે જતી રહેલી પત્નીએ સાસરે આવવાનો ઇનકાર કરી દેતાં પતિએ આ કૃત્ય કર્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર કુરાર વિસ્તારમાં રહેતી યુવતીના લગ્ન ૨૦૧૫માં ભિવંડીમાં રહેનારા યુવક સાથે થયાં હતાં. યુવતીના પિતાએ તેને લગ્નમાં રૂ. પાંચ લાખના દાગીના આપ્યા હતા. દરમિયાન લગ્નના થોડા સમય બાદ સાસરિયાં દ્વારા પુત્રવધૂ પાસે ફ્લેટની માગણી કરવામાં આવી હતી અને બાદમાં દહેજ માટે તેને ત્રાસ આપવામાં આવી રહ્યો હતો. આ ત્રાસથી કંટાળીને તે પિયર જતી રહી હતી. પતિએ તેને પાછી સાસરે આવી જવા માટે કહ્યું હતું, પણ તેણે સાસરે આવવાનો ઇનકાર કરી દીધો હતો. દરમિયાન ગયા સપ્તાહે પતિએ તેની પત્નીનો સ્નાન કરતી વખતે ઉતારેલી વીડિયો વ્હૉટ્સઍપ સ્ટેટસ પર મૂક્યો હતો. આની જાણ થતાં પત્નીએ કુરાર પોલીસ સ્ટેશનમાં તેના પતિ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરી પતિની ધરપકડ કરી હતી. પતિએ જાન્યુઆરી, ૨૦૨૧માં આ વીડિયો ઉતાર્યો હતો. પત્ની સાસરે પાછી ન ફરે તો એ વીડિયો વાયરલ કરી દેવાની તેણે ધમકી પણ આપી હતી.

### કંપનીનું સર્વર હૅક કરી બે કરોડ રૂપિયાની ઉચાપત

મુંબઈઃ મની ટ્રાન્સફર કંપનીની ફ્રેન્ચાઈઝી લીધા બાદ તેનું સર્વર હૅક કરી બે કરોડથી વધુ રૂપિયાની કથિત ઉચાપત કરવા પ્રકરણે સાયબર પોલીસે ત્રણ જણની ધરપકડ કરી હતી.

સેન્ટ્રલ સાયબર પોલીસે પકડી પાડેલા આરોપીઓની ઓળખ રોહિત રાઠોડ, રફીક પાયક અને સમશાદ ખાન તરીકે થઈ હતી. આરોપીઓએ એક વર્ષમાં થોડા થોડા કરીને ૨.૧૦ કરોડ રૂપિયા અન્ય બૅન્ક ખાતાઓમાં ટ્રાન્સફર કર્યા હતા. આ કેસનો સૂત્રધાર રોહિત રાઠોડ હોવાનું પોલીસનું કહેવું છે.

દહિસરમાં રહેતા રાઠોડે એક મની ટ્રાન્સફર કંપનીની ફ્રેન્ચાઈઝી લીધી હતી. ત્યાર બાદ ચાલાકીપૂર્વક આ કંપનીનું સર્વર હૅક કરવામાં આવ્યું હતું. એકસાથે મોટી રકમની ઉચાપતથી કંપનીનું ધ્યાન દોરાવાની શક્યતાને ધ્યાનમાં લઈ વર્ષભરમાં થોડી થોડી રકમની ઉચાપત કરવામાં આવી હતી. અંદાજે ત્રણ હજાર ટ્રાન્ઝેક્શન કરીને ૨.૧૦ કરોડ રૂપિયા વિવિધ બૅન્ક ખાતાંમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. સંબંધિત ખાતાધારકને કમિશન આપી બાકીની રકમ આરોપી મેળવી લેતા હતા.

પોલીસ ફરિયાદ અનુસાર કંપનીના અધિકારીએ બૅલેન્સશીટ તપાસતાં ૭૦ હજાર રૂપિયા ભળતી જ વ્યક્તિના બૅન્ક ખાતામાં ટ્રાન્સફર થયા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. પરિણામે અધિકારીએ વધુ તપાસ કરતાં આ કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું. આ મામલે કંપની દ્વારા સાયબર પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

### ત્રણ દિવસથી ગુમ માતા-પુત્રના મૃતદેહ મળી આવ્યા

મુંબઈઃ ચેમ્બુર સ્થિત પિયરમાં રહેવા આવેલી મહિલા અને તેના ત્રણ વર્ષના માસૂમ પુત્રના મૃતદેહ ચેમ્બુરના નાળામાંથી મળી આવ્યા હતા. ચૂનાભટ્ટી પોલીસના જણાવ્યા મુજબ મૃતકોની ઓળખ શ્રુતિ મહાડિક અને રાજવીર મહાડિક તરીકે થઈ હતી. શ્રુતિ તેના પુત્ર રાજવીર સાથે ચેમ્બુરના લાલ ડોંગર વિસ્તારમાં પિયરે રહેવા આવી હતી. ત્રણ દિવસ અગાઉ તે નેહરુ નગર સ્થિત સાસરે જવા નીકળ્યા બાદ ગુમ થઈ ગઈ હતી.

શ્રુતિ સાસરે પણ ન પહોંચતાં પરિવારજનોએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ માતા-પુત્રની શોધ ચલાવી રહી હતી ત્યારે શુક્રવારે તેમના મૃતદેહ નજીકના નાળામાંથી મળી આવ્યા હતા. બનાવની જાણ થતાં ચૂનાભટ્ટી પોલીસ સ્ટેશનના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ફાયર બ્રિગેડના જવાનોની મદદથી બન્નેના મૃતદેહને બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં મોકલી દેવાયા હતા.આ પ્રકરણે પોલીસે એડીઆર નોંધી તપાસ હાથ ધરી હતી. આ હત્યાનો કેસ છે કે આત્મહત્યાનો તેની તપાસ ચાલી રહી છે. બનાવની વધુ વિગતો જાણવા પોલીસે ઘટનાસ્થળ આસપાસના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ ચકાસણી માટે તાબામાં લીધા હતા. ■

## મ. રેલવેમાં રવિવારે માટુંગા અને મુલુંડ વચ્ચે પાંચ કલાકનો બ્લોક

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રેલવે ટ્રેક અને સિગ્નલિંગ યંત્રણાના મેઈન્ટેનન્સ માટે રવિવારે મધ્ય રેલવેમાં માટુંગા-મુલુંડ અપ એન્ડ ડાઉન ફાસ્ટ લાઈનમાં સવારના ૧૧.૦૫ વાગ્યાથી બપોરના ૪.૦૫ વાગ્યા સુધી પાંચ કલાકનો બ્લોક રહેશે. સવારના ૧૦.૨૫ વાગ્યાથી બપોરના ૩.૪૪ વાગ્યા સુધી સીએસએમટીથી ડાઉન ફાસ્ટ લાઈનની ટ્રેનોને માટુંગાથી ડાઉન સ્લો લાઈન તથા સવારના ૧૦.૪૬ વાગ્યાથી બપોરના ૩.૨૬ વાગ્યા સુધી મુલુંડથી અપ ફાસ્ટ લાઈનની ટ્રેનોને અપ સ્લો લાઈનમાં ડાઈવર્ટ કરવામાં આવશે, તેથી લોકલ ટ્રેનો મોડી દોડશે.

હાર્બર લાઈનમાં સીએસએમટી અને ચુનાભટ્ટી/બાંદ્રા ટર્મિનસ વચ્ચે સવારના ૧૧.૪૦ વાગ્યાથી બપોરના ૪.૪૦ વાગ્યા સુધી તથા ચુનાભટ્ટી/બાંદ્રા ટર્મિનસ-સીએસએમટી વચ્ચે સવારના ૧૧.૧૦ વાગ્યાથી બપોરના ૪.૧૦ વાગ્યા સુધી પાંચ કલાકનો બ્લોક રહેશે.

સવારના ૧૧.૧૬ વાગ્યાથી બપોરના ૪.૪૭ વાગ્યાથી સીએસએમટીથી વાશી, બેલાપુર, પનવેલની ડાઉન હાર્બર તથા સવારના ૧૦.૪૮ વાગ્યાથી બપોરના ૪.૪૩ વાગ્યાની સીએસએમટીથી બાંદ્રા-ગોરેગાંવની ટ્રેન સર્વિસીસ રદ રહેશે. એ જ પ્રકારે સવારના ૯.૫૩ વાગ્યાથી બપોરના ૩.૨૦ વાગ્યા સુધી પનવેલ/બેલાપુર/વાશીથી સીએસએમટી તથા સવારના ૧૦.૪૫ વાગ્યાથી સાંજના ૫.૧૩ વાગ્યા સુધી બાંદ્રા-ગોરેગાંવથી સીએસએમટી વચ્ચેની ટ્રેનસેવા રદ રહેશે.

### રવિવારે સાંતાક્રુઝ-ગોરેગાંવ વચ્ચે પાંચ કલાકનો બ્લોક

મુંબઈઃ રેલવે ટ્રેક અને સિગ્નલિંગ યંત્રણાના મેઈન્ટેનન્સ માટે રવિવારે સાંતાક્રુઝ-ગોરેગાંવ વચ્ચે અપ એન્ડ ડાઉન ફાસ્ટ લાઈનમાં પાંચ કલાકનો જમ્બો બ્લોક રહેશે. રવિવારે સવારના ૧૦.૦૦ વાગ્યાથી બપોરના ત્રણ વાગ્યા સુધી પાંચ કલાક સુધી સાંતાક્રુઝ અને ગોરેગાંવ ફાસ્ટ લાઈનમાં બ્લોકને કારણે આ બંને સ્ટેશનની વચ્ચે સ્લો લાઈનમાં દોડાવવામાં આવશે, એમ પશ્ચિમ રેલવેની અખબારી યાદીમાં જણાવ્યું હતું. ■

## વસઈના બોગસ ડૉક્ટર પાસે સારવાર કરાવનારી મહિલા બે વર્ષથી પથારીવશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાયંદરઃ વસઈનો ઓર્થોપેડિક હેમંત સોનવણે ઉર્ફે પાટીલ બોગસ ડૉક્ટર હોવાની વાતથી અજાણ મહિલાએ તેની પાસે ઘૂંટણના દુખાવાની સારવાર કરાવી હતી, જેને પગલે છેલ્લાં બે વર્ષથી તે પથારીવશ છે.

વસઈના પારનાકા ખાતે ક્લિનિક ધરાવતા બોગસ ડૉક્ટર હેમંત સોનવણેની વસઈ પોલીસે ધરપકડ કરી હતી. ૧૮ જાન્યુઆરી સુધીની પોલીસ કસ્ટડીમાં રહેલા હેમંતની પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે. જોકે વિવિધ હૉસ્પિટલોમાં દર્દીઓની સારવાર માટે વિઝિટ કરનારા હેમંત પાસે સારવાર કરાવવાનું વસઈની એક મહિલાને ભારે પડ્યું હતું.



મળતી માહિતી અનુસાર વસઈ પશ્ચિમના સાંઈનગરમાં રહેતી માયા કેનીને બે વર્ષ પહેલાં ઘૂંટણનો દુખાવો ઊપડ્યો હતો. આ માટે તેણે કેટલાક ડૉક્ટરની સલાહ લીધી હતી. ડૉક્ટરોએ તેને ની રિપ્લેસમેન્ટ સર્જરી કરાવવી પડશે, એવું કહ્યું હતું. આ સર્જરી પાછળ ૧૦ લાખ રૂપિયાનો ખર્ચ અંદાજવામાં આવ્યો હતો.

પોલીસમાં નોંધાવેલી ફરિયાદ અનુસાર મહિલાએ તે સમયે કથિત ડૉક્ટર હેમંતનો પણ સંપર્ક સાધ્યો હતો. હેમંતે સિમેન્ટિંગ વડે સારવારનું જણાવી બે લાખ રૂપિયાનો ખર્ચ થશે, એમ કહ્યું હતું. હેમંત પાસે સારવાર કરાવ્યા બાદ મહિલાને ચાલવામાં વધુ તકલીફ જણાવા લાગી હતી. છેલ્લાં બે વર્ષથી પથારીવશ મહિલા બે વ્યક્તિની મદદ વિના ઊભી થઈ શકતી નથી. અત્યારે તે દાદરના જાણીતા ડૉક્ટર પાસે સારવાર કરાવી રહી છે. ■

## એનઆઈએ માલેગાંવ બ્લાસ્ટ કેસને નબળો પાડી રહી છેઃ કૉંગ્રેસ

મુંબઇઃ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન અને કૉંગ્રેસના નેતા નસીમ ખાને ગુરુવારે નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી(એનઆઇએ) પર કેન્દ્ર સરકારના ઇશારે ૨૦૦૮ના માલેગાંવ બ્લાસ્ટ કેસને નબળો પાડવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો. ખાન મહારાષ્ટ્ર પ્રદેશ કૉંગ્રેસ સમિતિના કાર્યકારી અધ્યક્ષ છે. તેઓ ગુરુવારે રાજ્યના એટીએસના વડા વિનીત અગ્રવાલને તેમની ઓફિસમાં મળ્યા હતા. તેમણે ૨૦૦૮ના માલેગાંવ બ્લાસ્ટ કેસમાં તપાસ એજન્સીઓના અધિકારીઓ કોર્ટની દરેક સુનાવણીમાં હાજર રહે તે માટે વિનંતી કરતો પત્ર એટીએસ વડાને આપ્યો હતો.

આ કેસમાં ૨૨૩માંથી ૧૬ મહત્ત્વના સાક્ષીઓ ફરી ગયા છે અને ૧૦૦થી વધુ મહત્ત્વના સાક્ષીઓની તપાસ કરવાની બાકી હોવાથી એનઆઇએ તમામ આરોપીઓ સામે ઇમાનદારીથી અને પ્રમાણિક રીતે કાર્યવાહી કરી રહી નથી, એવો આક્ષેપ નેતાએ પત્રમાં કર્યો હતો.

એનઆઇએએ કેસના આરોપીની તરફેણમાં પસાર કરાયેલા કોઇપણ આદેશને ઉચ્ચ અદાલતમાં પડકાર્યો નથી, તેનાથી તેમની નિયત સ્પષ્ટપણે દેખાઇ આવે છે. તેથી ન્યાયી ટ્રાયલ અને અસરકારક કાર્યવાહી માટે એટીએસની કડક દેખરેખ જરૂરી છે, કારણ કે એજન્સીએ મહત્તમ સંખ્યામાં સાક્ષીઓના નિવેદનો નોંધ્યા હતા અને મોટાભાગની તપાસ હાથ ધરી હતી, એમ તેણે વધુમાં જણાવ્યું હતું.

તપાસ એજન્સી તરીકે એટીએસની છબી ખરાબ કરવા માટે હિન્દુ વિરોધી તરીકે ચીતરવામાં આવે છે, એવો પણ આક્ષેપ તેમણે કર્યો હતો. સપ્ટેમ્બર ૨૯, ૨૦૦૮ના રોજ મુંબઇથી આશરે ૨૦૦ કિલોમીટર દૂર માલેગાંવ નગરની એક મસ્જિદમાં મોટરસાઇકલ પર પટ્ટાવાળા વિસ્ફોટક ઉપકરણથી છ લોકો માર્યા ગયા હતા અને ૧૦૦થી વધુ ઘાયલ થયા હતા. એનઆઇએને તપાસ સોપાઇ એ અગાઉ એટીએસએ આ કેસની તપાસ કરી છે. (પીટીઆઇ)■

## જૂની અદાવતનો બદલો લેવા ફૅક ફેસબૂક એકાઉન્ટ ખોલી વાંધાજનક પોસ્ટ મૂકી

અલીબાગઃ જૂની અદાવતને લઇ પેણના શખસને બદનામ કરવા તેના નામે ફૅક સોશિયલ મીડિયા એકાઉન્ટ તૈયાર કરીને વાંધાજનક મેસેજ પોસ્ટ કરવા પ્રકરણે અલીબાગમાં મહિલા સહિત ત્રણની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.પોલીસને જણાવ્યું હતું કે વકીલને ત્યાં કામ કરતી મહિલાએ ફરિયાદ નોંધાવી હતી કે તેને ફેસબૂક એકાઉન્ટ પરથી વાંધાજનક મેસેજ આવી રહ્યા છે, જે પેણના શખસના નામે છે. દરમિયાન મહિલા જ્યાં કામ કરતી હતી એ ઓફિસના ૧૯ વર્ષના કર્મચારીની ધરપકડ કરી હતી. એ કર્મચારીએ પૂછપરછમાં કબૂલ્યું હતું કે મહિલાના કહેવાથી તેણે ફેસબૂક એકાઉન્ટ તૈયાર કર્યું હતું. પેણના શખસને બદનામ કરવા માટે તેના નામે ફૅક એકાઉન્ટ તૈયાર કરવામાં આવ્યું હોવાનું તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું.(પીટીઆઇ)■

## રસ્તા પરના ખાડા પૂરવાના નવા ટૅન્ડરને લીધે પાલિકાના બચશે ૧૩૬ કરોડ રૂપિયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિવિધિ યુટિલિટીઝ સર્વિસ માટે રસ્તા પર ખોદવામાં આવતા ખાડા પૂરવા માટે મગાવવામાં આવેલા ટેન્ડરમાં કૌભાંડ હોવાના આરોપ બાદ પાલિકાએ નવસેરથી ટેન્ડર બહાર પાડ્યા હતા. જોકે આ વખતે ટેન્ડર ભરનારાઓએ પાલિકાના અંદાજિત ખર્ચ કરતા ૨૫ ટકા ઓછી બોલી લગાવી છે. તેથી પાલિકાના ૧૩૬ કરોડ રૂપિયા બચવાના છે.

મુંબઈમાં જુદી જુદી યુટિલિટીઝના કેબલ નાખવા માટે રસ્તા ખોદવામાં આવતા હોય છે. આ ખાડાને પૂરવા માટે પાલિકા કૉન્ટ્રેક્ટર નીમતી હોય છે.

૨૦૧૯માં સાત ઝોન માટે એક એક કૉન્ટ્રેક્ટર નીમવામાં આવ્યા હતા, જેની મુદત ૩૦ નવેમ્બર ૨૦૨૧ના પૂરી થઈ છે. તેથી આ કામ માટે પાલિકાએ ઑક્ટોબર ૨૦૨૧ના ટેન્ડર બહાર પાડ્યા હતા. તે સમયે આ કામનો કૉન્ટ્રેક્ટ ૩૮૦ કરોડ રૂપિયાનો હતો. પરંતુ નવેમ્બર મહિનામાં ફરી બહાર પાડવામાં આવેલા ટેન્ડરમાં આ કૉન્ટ્રેક્ટ ૫૬૧ કરોડ સુધી પહોંચ્યો હતો.

કૉન્ટ્રેક્ટર અને અધિકારીઓ વચ્ચે સાઠગાંઠનો આક્ષેપ ભાજપે કર્યો હતો. આ કૉન્ટ્રેક્ટને કારણે પાલિકાને ૧૮૮ કરોડ રૂપિયાનું નુકસાન થશે. એવો આક્ષપ પણ ભાજપે કર્યો હતો. તેથી આ ટેન્ડર રદ કરીને પાલિકા પ્રશાસને વિજિલન્સ ડિપાર્ટમેન્ટ દ્વારા આ પ્રકરણની તપાસ કરી હતી. જેમાં કૌભાંડ હોવાની શકયતા સામે આવ્યા બાદ ફરી ટેન્ડર મગાવવામાં આવ્યા હતા.

પાલિકાના અંદાજિત ખર્ચ કરતા ૨૨થી ૨૭ ટકા ઓછી રકમની બોલી કૉન્ટ્રેક્ટરો લગાવી છે. તેથી નવેમ્બર ૨૦૨૧માં ૫૬૧ કરોડ રૂપિયા પર પહોંચેલો કૉન્ટ્રેક્ટ હવે ૪૩૩ કરોડ રૂપિયામાં પર આવી ગયો છે. તેથી પાલિકાના ૧૩૬ કરોડ રૂપિયા બચવાના છે. ■

**અમ હૃદયમાં સદૈવ જીવંત...**



**શ્રીમતી સરલાબેન શાંતિલાલ બખાઈ (ઉ.વ. ૯૪)**

મૃદુભાષી, મિતભાષી, હરહંમેશ જેઓના ચહેરા પર મખમલી સ્મિત રમતું હોય એવી સૌમ્ય વ્યક્તિ પૂ. સરલાબેનને અશ્રુભર્યા શત્શત્ વંદન. ગુરૂવાર, તા. ૧૩.૦૧.૨૦૨૨ના રોજ અરિહંતશરણ પામેલ છે.

*: અમને સાંભરશે તમ સંભારણા :*

*પતિ* : સ્વ. શ્રી શાંતિલાલ જમનાદાસ બખાઈ
*પિતા* : સ્વ. શ્રી હરિલાલ મોતીચંદ પારેખ
*ભાઈ-બ્હેન* : સૂર્યકાંતભાઈ, કુમુદભાઈ, જયેન્દ્રભાઈ, સ્વ. સુશીલાબેન, સ્વ. કુસુમબેન
*પુત્ર-પુત્રવધુ* : પંકજ-કિરણ, અતુલ-અમીષા, કૌશિક-મયુરી
*પુત્રી-જમાઈ* : નિરંજના-અતુલભાઈ, ભાવના-ભદ્રીકભાઈ, નીતા-વિમલભાઈ
*દિયર-દેરાણી* : સ્વ. મનુભાઈ - સ્વ. સુમિત્રાબેન, હેમંતભાઈ - ભારતીબેન, સ્વ. રાજેશભાઈ - લતાબેન, તેજસભાઈ - સ્મિતાબેન
*નણંદ-નણદોઈ* : સ્વ. કાંતાબેન - સ્વ.વિનયચંદ્ર, સ્વ. નિર્મળાબેન - સ્વ. શાંતિભાઈ, સ્વ. સુશીલાબેન-સ્વ. ઈન્દુલાલ, સ્વ. ઉર્મીલાબેન-સ્વ. કાંતિભાઈ, અનિલાબેન - પ્રમોદભાઈ, ઉષાબેન - ભરતભાઈ, સ્વ. ગીતાબેન - સ્વ. સુધીરભાઈ

લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.